# નર્મદા પરિક્રમા માર્ગ અને યાત્રાધામોના વિકાસ માટે જમીન ફાળવવાની મંજૂરી અપાઈ

**ધબકાર પ્રતિનિધિ, ભરૂચ, તા. ૨૩**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભરૂચ જિલ્લાના હાંસોટ તાલુકાના વમલેશ્વર ખાતે સર્વે નંબર ૫૫૩, ૧૦૦૯૧ ચો. મી. જમીન નર્મદા પરિક્રમા માર્ગ પર આવેલા યાત્રાધામો અને પરિક્રમાપથ ખાતે યાત્રાધામોના વિકાસની કામગીરી અર્થે પ્રવાસન ખાતા (ઉદ્યોગ અને ખાણ) વિભાગને વહીવટી હુકમ-૩ હેઠળ જમીન તબદીલ કરી આપવામાં આવી છે.

ગુજરાત રાજ્યમાં નર્મદા પરિક્રમા આગવી ઓળખ સાથે ધાર્મિક મહત્વ ધરાવે છે. વમલેશ્વર યાત્રાધામ સહિત નર્મદા પરિક્રમા માર્ગ પર આવેલા યાત્રાધામો અને પરિક્રમાપથ ખાતેના યાત્રાધામોના વિકાસથી ગુજરાત અને મધ્યપ્રદેશ રાજયના હજારો પરિક્રમાવાસીઓ અને શ્રદ્ધાળુને માર્ગમાં પડતી વિવિધ મુશ્કેલીઓથી હવે ભૂતકાળ બનશે. ત્યારે રાજ્ય સરકારના આ સંવેદનશીલ નિર્ણયથી ખરા અર્થમાં ભરૂચ જિલ્લામાં પ્રવાસન વિભાગને પ્રોત્સાહન મળશે તેમજ સ્થાનિકોને પણ તેનો લાભ થનાર છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, નર્મદા પરિક્રમા માર્ગ પર આવેલા યાત્રાધામો અને પરિક્રમાપથ ખાતે યાત્રાધામોના વિકાસની કામગીરી અર્થે મહત્વનો નિર્ણય લઈ જમીન ફાળવવાની મુખ્યમંત્રીએ મંજૂરી આપી છે. પ્રવાસન ખાતુ (ઉદ્યોગ અને ખાણ) દ્વારા વમલેશ્વર ખાતે સર્વે નંબર ૫૫૩,૧૦૦૯૧ ચો. મી.જમીન ફાળવવા અંગે સરકારમાં માંગણી કરવામાં આવી હતી જેને અનુલક્ષી મુખ્યમંત્રીશ્રીએ આ નિર્ણય કર્યો છે.

ભરૂચ જિલ્લાના હાંસોટ તાલુકામાં આવેલું વમલેશ્વર ધાર્મિક સ્થળોમાં ખૂબ વિખ્યાત યાત્રાધામ છે. આ યાત્રાધામ સાથે નર્મદા પરિક્રમા ખૂબ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. વહીવટી મંજૂર હુકમ ૩ હેઠળ તબદીલ કરતા મુખ્યમંત્રીનો આ નિર્ણય મહત્વપૂર્ણ બની રહેશે.

**મુખ્યમંત્રીના આ નિર્ણયથી ગુજરાત અને મધ્યપ્રદેશના પરિક્રમાર્થીઓ અને શ્રદ્ધાળુઓને પરિક્રમા કરવી વધુ સુગમ બનશે**

# ઝઘડિયાના નવી તરસાલી ગામે ખેતીકામ માટે મજુરોને કામે લઈ જવા બાબત બે કુટુંબ ઝઘડ્યા

## ૭ મહિલાઓ સહિત કુલ ૧૫ વિરૂદ્ધ સામસામે ગુનો નોંધાયો

**ધબકાર પ્રતિનિધિ, ઝઘડિયા, તા. ૨૩**

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના નવી તરસાલી ગામે બીજાના મજુરોને કામે લઈ જવાની વાતે થયેલ ઝઘડો પોલીસ સુધી પહોંચતા ૭ મહિલાઓ સહિત કુલ ૧૫ વ્યક્તિઓ સામે ગુનો નોંધાયો હતો. આ અંગે રાજપારડી પોલીસમાંથી મળતી વિગતો મુજબ ઝઘડિયા તાલુકાના નવી તરસાલી ગામે ચીના ફળિયામાં રહેતા ઈસ્માઈલ સાબીરભાઈ મલેક તા. ૨૧ના રોજ ગામમાંથી મજુરો ખેતીકામ માટે લઈ ગયા હતા, તે સમયે ગામના અબ્દુલ માસ્તર તેમના ઘરે આવ્યા હતા અને કહેવા લાગેલ કે તમે અમારા મજુરો કેમ લઈ જાવ છો, તેમ કહીને ગાળો બોલવા લાગ્યા હતા. ત્યારબાદ અન્ય ચાર જેટલા ઈસમો પણ તેમનું ઉપરાણું લઈને ત્યાં આવીને ઝઘડો કરવા લાગ્યા હતા. તે વખતે ગામના આગેવાનોની મધ્યસ્થીથી આ બાબતે સમાધાન થયું હતું. ત્યારબાદ રાતના નવ વાગ્યાના સમયે ગામમાં લાઈટ ગઈ હતી,અને ફરિયાદી ઈસ્માઈલભાઈ મલેક પરિવારજનો સાથે ઘરની આગળ બેઠેલા હતા તે દરમિયાન સવારના ઝઘડાની રીશ રાખીને અબ્દુલભાઈ માસ્તર સહિત કુલ ૧૫ વ્યક્તિઓ (૭ મહિલાઓ સહિત) અંધારાનો લાભ લઈને મારવા દોડી આવ્યા હતા, અને અંધારામાં છુટા પત્થરો મારવા લાગ્યા હતા. આ જોઈને ઈસ્માઈલભાઈએ બુમાબુમ કરતા ઘરમાંથી તેમના પરિવારના લોકો બહાર દોડી આવ્યા હતા.

આ ઝઘડા દરમિયાન પાંચ જેટલા લોકોને માર મારવામાં આવ્યો હોવાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું હતું. આ પૈકી ઈજાગ્રસ્ત થયેલ લોકોને એમ્બ્યુલન્સમાં અવિધા સરકારી દવાખાને લઈ જવાયા હતા. ઘટના સંદર્ભે ઈસ્માઈલ સાબીરભાઈ મલેક રહે.ગામ નવીતરસાલી તા. ઝઘડિયાએ અબ્દુલ માસ્તર, કાદર અહેમદ દાજી, ફરીદ અહેમદ દાજી, સિકંદર અહેમદ દાજી, ઝુનેદ અબ્દુલ માસ્તર, ફરહાન ફરીદ દાજી,મોઈન મયુદ્દિન શેરી, યુસુફભાઈ વાંસીવાલા, મોઈન યુસુફભાઈ વાંસીવાલા, રાબિયા ફરીદ દાજી, નઝમાબેન અબ્દુલ માસ્તર,હસીનાબેન કાદર દાજી, ઝરીના મયુદ્દીન શેરી, મોઈનાબાનું અબ્દુલ માસ્તર, નશીમબેન યુસુફ વાંસીવાલા તમામ રહે. ગામ નવી તરસાલી તા. ઝઘડિયા જિ. ભરૂચના વિરૂધ્ધ રાજપારડી પોલીસ મથકમાં ફરિયાદ લખાવી હતી.

# અંકલેશ્વરના સજોદ અને ઝઘડિયાના પીપલપાન ખાતે આચાર સંહિતા ભંગની ફરિયાદ નોંધાઈ

**ધબકાર પ્રતિનિધિ, ભરૂચ, તા. ૨૩**

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા રાજ્યમાં ૨૨મી જૂનના રોજ આઠ હજારથી વધુ ગ્રામ પંચાયતો માટે સામાન્ય અને પેટા ચૂંટણી યોજાઈ હતી. જે પૈકી તારીખ ૨૨ જૂને ભરૂચ જિલ્લામાં ૦૯ તાલુકામાં ૬૭ ગ્રામ પંચાયતોમાં સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીનું મતદાન થયું હતું.

તા. ૨૨ જૂનના રોજ પંચાયતોની સામાન્ય ચૂંટણી ૨૦૨૫ અન્વયે સજોદ ગ્રામ પંચાયત ખાતે નનામી વ્યક્તિએ વિડિઓ દ્વારા તેમજ મૌખિક રજુઆત સંદર્ભ આચાર સંહિતાના ભંગ બદલ આચાર સંહિતાના નોડલ તાલુકા વિકાસ અધિકારી અંકલેશ્વરને ફરિયાદ કરી હતી. તેમજ અન્ય ઝઘડીયા તાલુકાના પીપલપાનના અરજદાર શર્મિલાબેન ભરતભાઈ વસાવા દ્વારા નોડલ અધિકારી અને તાલુકા વિકાસ અધિકારી, ઝઘડિયાને રાત્રે આચારસંહિતાના ભંગની ફરીયાદ કરી હતી.

સજોદ ખાતે બનેલી ઘટનામાં મૌખિક રજુઆત સંદર્ભ વિડીયો ઈન્ટરવ્યુ આપતા વ્યક્તિ દ્વારા ગામમાં ચૂંટણી દરમ્યાન પૈસા વેચતો વિડીયો હતો, જે વિડીયોને આધારે રાજ્ય ચૂંટણી આયોગના અધિકારી અને નાયબ કલેક્ટર અને સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ અંકલેશ્વર દ્વારા લેખીતમાં આચાર સંહિતા ભંગ બદલ, વિડીયો બાબતે જરૂરી કાયદેસરની કાર્યવાહી તથા તપાસ કરવા નોડલ અધિકારી આચારસંહિતા અને તાલુકા વિકાસ અધિકારીએ તા. ૨૨ જૂન ૨૦૨૫ના રોજ ગુનો દાખલ કર્યો હતો.

અન્ય ઝઘડિયા તાલુકાના પીપલપાનની બીજી ઘટનામાં નોડલ અધિકારી દ્વારા રૂબરું સ્થળ પર જઈ એક મતના રૂ. ૫૦૦ લેખે વહેંચણી કરતા ઈસમને પકડી તેઓની પાસેથી ૫૦૦ના દરની ૭૧ જેટલી ચલણી નોટો રૂ. ૩૫,૫૦૦ જેટલા કબ્જે કર્યા અંગેનો રીપોર્ટ કરી, રાજપારડી પોલીસ સ્ટેશન ખાતે આચારસંહિતા ભંગની પોલીસ ફરિયાદ નોંધાવેલ છે.

વધુમાં, તેમ અધિક જિલ્લા સ્થા. સ્વ. સંસ્થાઓ અને નિવાસી અધિક કલેક્ટર ભરૂચ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

**બંને ગામમાં પંચાયતની ચૂંટણી દરમિયાન રૂપિયાની લહાણી કરાઈ હતી**

# ભરૂચ : પટેલ સુપર માર્કેટ સામે ઘરમાં થયેલ ૩.૮૩ લાખની ચોરી અંગે પડોશી યુવકની ધરપકડ

## એ ડિવિઝન પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે ચારીનો ભેદ ઉકેલ્યો

**ધબકાર પ્રતિનિધિ, ભરૂચ, તા. ૨૪**

ભરૂચના પટેલ સુપર માર્કેટ સામે એક ઘરમાંથી શુક્રવારે લોખંડની તિજોરી તોડી સાડા ચાર તોલા સોનાના ઘરેણા અને ૨૩ હજાર રોકડા ચોરી કરી અજાણ્યા ઈસમ ફરાર થઈ જવાની પોલીસ ફરિયાદ રવિવારે એ ડિવિઝન પોલીસ મથકે નોંધાઈ હતી.

ભરૂચ એ ડિવિઝન પોલીસ મથકના પીઆઈ આર. એમ. વસાવા અને પીએસઆઈ એ. વી. શિયાળિયાની ટીમે સીસીટીવી ફૂટેજના આધારે પડોશમાં રહેતા યુવાનની ચોરીના કેસમાં ધરપકડ કરી હતી.સુપર માર્કેટ સામે રહેતા ભુપેન્દ્ર પટેલના ઘરમાં થયેલી ૩.૮૩ લાખની ચોરીનો ભેદ ઉકેલવા માટે વિવિધ દિશામાં તપાસ હાથ ધરી હતી.

પડોશમાં રહેતા કૃણાલ કામદેવ વસાવા પર શક જતા પોલીસે પૂછપરછ કરતા કૃણાલ વસાવે ચોરી કરી હોવાનું કબુલતા ૨૪ કલાકમાં જ ચોરીનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી હતી. પોલીસે આરોપી પાસેથી સોનાના ઘરેણા અને રોકડ સહિત જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# સુરત : ૨૫ અને ૨૬ જુને હોટલ મેરીયટ ખાતે હાઈ લાઈફ એક્ઝિબિશન યોજાશે

**સુરત, ૨૩ જુન, ૨૦૨૫ :** હાઈલાઈફ એક્ઝિબિશન દ્વારા દરેક સીઝનને ધ્યાનમાં રાખીને ખાસ એક્ઝિબિશન રાખવામાં આવેલ છે, જે હોટલ સુરત મેરીયટ, અઠવા લાઈન્સ ખાતે ૨૫ અને ૨૬ જુનના રોજ યોજવામાં આવશે. જ્યાં ટ્રેન્ડસેટિંગ ફેશન શોકેસ, હાઈ લાઈફ એક્ઝિબિશન દ્વારા નવીનતમ કલેક્શન ટ્રેન્ડ્સ રજુ કરવામાં આવશે.

ઈવેન્ટના આયોજક એબી ડોમિનીકના જણાવ્યા મુજબ, આ બે દિવસીય હાઈ લાઈફ એક્ઝિબિશનમાં દેશભરના ફેશન ડિઝાઈનર્સના દ્વારા તાજગીપૂર્ણ રીતે સીઝનને ધ્યાનમાં રાખીને બનાવેલ ડિઝાઈન ટ્રેન્ડસ જોવા મળશે. ફેશન દરેક ઋતુમાં બદલાતી રહે છે પરંતુ જે સ્થિર રહે છે તે છે ભડકાઉપણું અને કરિશ્મા. તેવી જ રીતે, હાઈલાઈફ એક્ઝિબિશન દરેક ઋતુમાં એક નવી સ્ટાઈલ સ્ટેટમેન્ટ અને નવી આભા સાથે પાછું આવે છે. આ વખતે હાઈલાઈફ ભારતના સૌથી મોટા ફેશન એક્ઝિબિશનમાં તમને નવા કલેક્શનથી ે્રિત કલેક્શન જોવા મળશે. હાઈલાઈફ એક્ઝિબિશન સુરતના ફેશન ડિઝાઈનરો અને રસિકો માટે હાઈ ફેશન ડિઝાઈન્સ અને કારીગરી, લક્ઝરી એક્સેસરીઝ, જ્વેલરી, બ્રાઈડલ આઉટફિટ્સ અને વધુની સ્ટાઈલનું સાચું સેલિબ્રેશન છે. હાઈલાઈફ એક્ઝિબિશન -દર્શનોની આ આવૃત્તિમાં જોવા માટે પુષ્કળ બ્રાઈડલવેર, ભવ્ય ડિઝાઈનર વસ્ત્રો, દુલ્હનો માટે લગ્નના પોશાક, બેન્ડવેગન માટે એથનિક ડિઝાઈન, રોજિંદા ફેશન વસ્ત્રો, એસેસરીઝ, જ્વેલરી અને તમારા ઘર માટે ફેશન સ્ટેટમેન્ટ પણ જોવા મળશે.

# ગરુડેશ્વરનો વિયર ડેમ કમ કોઝવે ઓવરફ્લો થતા આહલાદક દ્રશ્યો સર્જાયા

**ધબકાર પ્રતિનિધિ, રાજપીપળા, તા. ૨૩**

સરદાર સરોવર નર્મદા ડેમના ઉપરવાસ મધ્યપ્રદેશમાં સારો એવો વરસાદ પડતાં નર્મદા ડેમમાથી નદીમાં વધુ પાણી છોડવામાં આવતા ગરુડેશ્વરનો વિયર ડેમ કમ કોઝવે ઓવરફ્લો થયો છે. જેનો સુંદર નજારો જોવા મળી રહ્યો છે. ચોમાસામાંની સિઝનમાં વિયર ડેમ છલકાઈ રહ્યો છે. વિયર ડેમ કમ કોઝવે ઓવરફ્લો થયો તે સુંદર નજારો જોવા પ્રવાસીઓ ઉમટી રહ્યા છે.

નર્મદા ડેમની સપાટી હાલ ૧૧૯ મીટર થઈ છે. ડેમમાં ૨૭૨૩ મિલિયન ક્યુબિક મીટર પાણીનો લાઈવ સ્ટોરેજ જથ્થો છે. જો કે ઉપરવાસમાંથી આવતા પાણીને ધ્યાને લઈ પાવર હાઉસ દ્વારા ૨૪,૦૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જેને લઈને સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે આવેલ ૧૪ મીટર ઉંચો અને ૧૫૦૦ મીટર લાંબો વિયર ડેમ ઓવરફ્લો થતા આહલાદક દ્રશ્યો સર્જાયા છે.



ગરુડેશ્વરનો વિયર ડેમ કમ કોઝવે ઓવરફ્લો થતા આહલાદક દ્રશ્યો સર્જાયા ચે. (તસવીર : દીપક જગતાપ)

# અંકલેશ્વરના જૂનાબેટની પ્રા. શાળામાં શ્રમદાન અને વૃક્ષારોપણ કરાયું



(તસવીર : પ્રભુભાઇ પટેલ)

**ધબકાર પ્રતિનિધિ, વાત્સલ્યધામ-મઢી, તા. ૨૩**

અંકલેશ્વરના જૂના બેટની પ્રાથમિક શાળામાં તા. ૨૧ જૂનના રોજ શ્રમદાનનો હેતુ સાર્થક કરવા માટે આચાર્યા કિરણબેન પટેલ, સરપંચ પંકજભાઈ પટેલ, રાજ્ય-રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા શિક્ષક પ્રભુભાઈ પટેલ, વિદ્યાર્થીઓ, વાલીગણ, મધ્યાહન ભોજન યોજનાની બહેનો, ગ્રામજનો તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પણ પોતાનું યોગદાન આપીને એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું. આ ઉપરાંત શાળાના પટાંગણમાં આચાર્યા કિરણબેન, સી.આર.સી. કો-ઓર્ડીનેટર ભાવનાબેન ચૌહાણ અને ગ્રામજનોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

# અંકલેશ્વર: ડેક્કન ફાઈન કેમિકલ્સ ઈન્ડિયા દ્વારા શાળાઓમાં શૈક્ષણિક સામગ્રીનું વિતરણ



(તસવીર : પ્રભુભાઇ પટેલ)

**ધબકાર પ્રતિનિધિ, વાત્સલ્યધામ-મઢી, તા. ૨૩**

ઔદ્યોગિક ગૃહોના સામાજિક ઉત્તરદાયિત્વના ભાગરૂપે ડેક્કન ફાઈન કેમિકલ્સ ઈન્ડિયા લિમિટેડ અંકલેશ્વર દ્વારા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અંકલેશ્વર સંચાલિત કન્યા શાળા બ્રાન્ચ નંબર, ૧, મુખ્ય શાળા નંબર ૧ તથા સ્ટેશન શાળા નંબર ૨૨ ના વિદ્યાર્થીઓને નોટબુક તથા રજીસ્ટર બુકનું વિતરણ કંપનીના પરેશ પટેલ, શૈલેષભાઈ સાંગાણી, કેયુર પટેલ, નીતિશ કોન્ટ્રાક્ટર, શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા ગજેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યુ. આ પ્રસંગે શાળાના મુખ્ય શિક્ષક પ્રશાંત પટેલે સૌને આવકાર્યા હતા. ગજેન્દ્ર પટેલે ડેક્કન ફાઈન કેમિકલ્સ ઈન્ડિયા લિમિટેડની સીએસઆર પ્રવૃત્તિઓને બીરદાવી હતી.

# ગ્રીન્ઝો એનર્જી સાથે ભાગીદારીમાં ઓસવાલ એનર્જીએ ગ્રીન હાઈડ્રોજનનો પ્રોજેક્ટ લોન્ચ કર્યો

**અમદાવાદ, ૨૩ જૂન, ૨૦૨૫** : ભારતમાં ગ્રીન ઉર્જામાં રૂપાંતરિત કરવાની દિશામાં એક મહત્વનું પગલું લેતા ઓસવાલ એનર્જીઝ લિમિટેડે રૂા. ૩૨૦ કરોડનું મૂડીરોકાણ કરીને ગ્રીન હાઈડ્રોજન તૈયાર કરવાના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ સત્તાવાર રીતે શરૂ કરી દીધો છે. ગ્રીન્ઝો એનર્જી ઈન્ડિયા લિમિટેડ તરફથી એક મેગાવોટના ઈલેક્ટ્રોલાઈઝરની પહેલી ડિલીવરી મળી જતાં આ પ્રોજેક્ટનો આરંભ થઈ ગયો છે.

કેમિકલ અને ફર્ટિલાઈઝરના સેક્ટરની જરૂરિયાતને પૂર્ણ કરવા માટે ગ્રીન હાઈડ્રોજનનો ઉપયોગ કરી શકાય તે હેતુથી ‘બિલ્ટ-ઓપરેટ અને ટ્રાન્સફર’ના સિદ્ધાંત પર ૨૦ મેગાવોટના પ્રોજેક્ટનો આરંભ કરવામાં આવ્યો છે. આ પ્લાન્ટમાં અડધા મેગાવોટથી માંડીને પાંચ મેગાવોટ સુધીની ક્ષમતા ધરાવતા પાવર પ્લાન્ટ્સ આગામી ૧૨થી ૧૮ મહિનામાં શરૂ કરવામાં આવશે. તેને માટે ગ્રીન્ઝોની અત્યાધુનિક અને સ્વદેશી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.

ઓસવાલ એનર્જી અને ગ્રીન્ઝો અને ગ્રીન્ઝો એનર્જી વચ્ચે થયેલા જોડાણને અત્યાધુનિક મેન્યુફેક્ચરિંગ ટેક્નોલોજીને એન્જિનિયરિંગ, પ્રોક્યોરમેન્ટ અને કન્સ્ટ્રક્શનના એક અજોડ અને શક્તિશાળી સંગમ તરીકે જોવામાં આવી રહ્યું છે. તેની સાથે જ ગ્રીન હાઈડ્રોજનના વૈશ્વિક હબ તરીકે ભારતને પ્રસ્થાપિત કરવાનો માર્ગ ખૂલી ગયો છે.

# ઈન્ડોગલ્ફ ક્રોપસાયન્સ લિમિટેડની પ્રારંભિક જાહેર ઓફર ૨૬ જૂને ખૂલશે, પ્રાઈસ બેન્ડ રૂા. ૧૦૫થી રૂા. ૧૧૧

**અમદાવાદ, ૨૩ જૂન, ૨૦૨૫** : ઈન્ડોગલ્ફ ક્રોપસાયન્સ લિમિટેડે તેની પ્રથમ પ્રારંભિક જાહેર ઓફર માટે રૂા. ૧૦/- ની મૂળ કિંમત ધરાવતા ઈક્વિટી માટે શેર દીઠ રૂા. ૧૦૫થી રૂા. ૧૧૧ની કિંમત બેન્ડ નક્કી કરી છે. કંપનીની પ્રારંભિક જાહેર ઓફર ગુરુવાર, ૨૬ જૂનના રોજ સબ સ્ક્રિપ્શન માટે ખુલશે અને સોમવાર, ૩૦ જૂનના રોજ બંધ થશે. રોકાણકારો ઓછામાં ઓછા ૧૩૫ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૧૩૫ ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકે છે.

આ આઈપીઓમાં ૧૬૦ કરોડ રૂપિયા સુધીનો ફ્રેશ ઈશ્યૂ અને ઓમ પ્રકાશ અગ્રવાલ (HUF) દ્વારા ૧૫,૪૦,૯૬૦ ઈક્વિટી શૅર અને સંજય અગ્રવાલ (HUF) દ્વારા ૨૦,૬૨,૬૪૩ ઈક્વિટી શૅરનો સમાવેશ થાય છે. ફ્રેશ ઈશ્યૂમાંથી રૂા. ૬૫ કરોડ સુધીની રકમ કંપનીની કાર્યકારી મૂડી જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે ઉપયોગમાં લેવામાં આવશે; કંપની દ્વારા લેવામાં આવેલા ચોક્કસ બાકી ઉધારની સંપૂર્ણ અથવા આંશિક ચુકવણી/પૂર્વચુકવણી માટે રૂા. ૩૪.૧૨ કરોડ; હરિયાણાના સોનીપત જિલ્લાના બરવાસની ખાતે ઈન-હાઉસ ડ્રાય ફ્લોએબલ પ્લાન્ટ સ્થાપવા માટે કંપનીના મૂડી ખર્ચ માટે રૂા. ૧૪ કરોડ અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે ઉપયોગમાં લેવાશે.

ઈન્ડોગલ્ફ ક્રોપસાયન્સિસની કામગીરીમાંથી આવક નાણાકીય વર્ષ ૨૦૨૩માં રૂા. ૪૫૯.૬૬ કરોડથી વધીને નાણાકીય વર્ષ ૨૦૨૪માં રૂા. ૫૫૨.૨૩ કરોડ થઈ ગઈ છે. કર પછીનો નફો નાણાકીય વર્ષ ૨૦૨૩ માટે રૂા. ૨૨.૪૨ કરોડથી ૨૫.૯૧% વધીને નાણાકીય વર્ષ ૨૦૨૪ માટે રૂા. ૨૮.૨૩ કરોડ થયો છે. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ પૂરા થયેલા નવ મહિના માટે, કામગીરીમાંથી આવક રૂા. ૪૬૪.૧૯ કરોડ અને કર પછીનો નફો રૂા. ૨૧.૬૮ કરોડ રહ્યો છે.

સિસ્ટમેટિક્સ કોર્પોરેટ સર્વિસીસ લિમિટેડ એકમાત્ર બુક-રનિંગ લીડ મેનેજર છે, અને બિગશેર સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ આ ઈશ્યૂનું રજિસ્ટ્રાર છે.

# ભરૂચમાં જિલ્લામાં ખનીજના બિનઅધિકૃત વહન અને ખનન સામે ભૂસ્તર વિભાગનો સપાટો

## એક સપ્તાહમાં બ્લેકટ્રેપ અને સાદી રેતી ખનન-વહન કરતા ૧૦ ડમ્પર અને ૨ એક્સકવેટર મળી ૪.૩૫ કરોડનો મુદ્દામાલ જપ્ત

**ધબકાર પ્રતિનિધિ, ભરૂચ, તા. ૨૩**

ભરૂચ જિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં ખનીજનું બિનઅધિકૃત વહન સદંતર બંધ રહે, ખનીજ ચોરી અટકે તે ઉદ્દેશથી સરપ્રાઈઝ ચેકીગ અને ગેરકાયદેસર ખનન અને ખનીજનું બિનઅધિકૃત વહનની પ્રવૃતિ મળી આવ્યેથી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે. જે અન્વયે ભુસ્તરશાસ્ત્રી ભરૂચની સુચના અન્વયે ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ ક્ચેરી ભરૂચની ક્ષેત્રિય તપાસ ટીમ દ્વારા ગત સપ્તાહમાં જીલ્લાના અલગ અલગ સ્થળોએ આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી.

જોન્માં ૧૮થી ૨૧ જૂન દરમિયાન ભરૂચ જિલ્લાના અલગ -અલગ સ્થળએ આકસ્મિક તપાસ કરતા ABC ચોકડી ભરૂચ, દહેજ, રાજપારડી, ઝગડિયા ખાતે બ્લેક ટ્રેપ અને સાદી રેતી ખનીજના બિનઅધિકૃત વહન કરતાં કુલ ૭ વાહનો કે જેમાં ટ્રક નંબર (૧) GJ-15-AX-6525 (૨) GJ-16-AW-0505 (૩) GJ-16-AV-9132 (૪) GJ-16-AW-7482 (૫) GJ-16-AW-8665 (૬) GJ-16-AV-7695 (૭) GJ-16-AW-6111 (૮) GJ-16-AY-8611 (૯) GJ-16-AV-7184 (૧૦) GJ16AY1535ને સીઝ કરી કુલ- ૩.૪૫ કરોડનો મુદ્દામાલ જપ્ત કરી જીલ્લા સેવાસદન, રાજપારડી પોલીસ સ્ટેશન તથા ઝગડિયા પોલીસ સ્ટેશન ખાતે રાખવામાં આવેલ છે. જેમાં આગળની નિયમ અનુસારની કાર્યવાહી કરવામાં આવી છે.

વધુમાં, તા ૨૦ જૂનના રોજ ભરૂચ તાલુકાના મંગલેશ્વર ખાતેથી પસાર થતી નર્મદા નદી પટ્ટ વિસ્તારમાં સાદી રેતીના બીનઅધિકૃત ખનન અને વહનની તપાસ કરતા ૨ એક્ષેવેટર મશીન અને ૩ વાહનો ડમ્પર વાહનો (વાહન નંબર-) (૧) GJ-16-BX-9250 (૨) GJ-05-BX-1498 (૩) GJ-21-W-3724 એમ મળી કુલ ૯૦ લાખનો મુદામાલ સીઝ કર્યો અને સ્થળે મળી આવેલી સાદી રેતી ખનીજના ઢગલાની માપણી કરી નિયમ અનુસારની કાર્યવાહી હાથ ધરી હતી. તેમ ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ કચેરી ભરૂચ તરફથી મળેલી એક અખબારી યાદીમાં જણાવાયું હતું.

# કરૂણા ગુણ હૃદયમાં ધબકતો હોય તો ઉદારતા, સરળતાદિ ગુણો ખીલી ઉઠે છે : પં. રાજરક્ષિતવિજયજી

## શ્રી વર્ધમાન પુરા જૈન સંઘ પૂનામાં સત્સંગ સભા યોજાઈ

**પૂના (મહારાષ્ટ્ર), તા. ૨૩**

શ્રી ચન્દ્રપ્રભ સ્વામી જિનાલય વર્ધમાનપુરા જૈનસંઘ પૂનામાં પં. રાજરક્ષિત વિજયજીએ જણાવ્યું કે, સાચો વેપારી ટનઓવર જોઈને ખુશ ન થાય. પરંતુ પ્રોફિટ કેટલું મળશે તેના ઉપર ધ્યાન રાખે છે. તેમ સાધકની પ્રવૃત્તિ માત્ર ક્રિયાકાંડ ઉપર નહીં પરંતુ ગુણ પ્રાપ્તિ ઉપર હોય છે. પ્રતિક્રમણ, પૂજા, સામાયિક વગેરે ક્રિયાઓ છે. આ ક્રિયા તો જ ધર્મ બને. જો પાપ જુગુપ્સા, કરૂણા, સમતા વગેરે ગુણોની પ્રાપ્તિ થાય. નહિ તો તે ક્રિયાઓ માત્ર સ્વર્ગાદિ સુખો આપી શકે. પરંતુ મોક્ષ, આનંદ આપી શકશે નહિ.

તમામ તીર્થંકરોની માતા અલગ અલગ છે. પરંતુ તીર્થંકરત્ત્વની ઉત્પત્તિ રૂપી માતા તો કરૂણા છે. અરિહંતનો આત્મા કોઈ પણ ગતિમાં હોય છતાંય તે ભવમાં કરૂણા ગુણ ટોચ કક્ષાએ હોય છે. પ્રભુને ‘આકાલમેવ પરાર્થ વ્યસની’ બિરુદ આપવામાં આવ્યું છે. નદીમાં પાણી હોય તો આજુબાજુના છોડ લીલાછમ રહે છે. પરંતુ નદી સુકાઈ જાય તો છોડ પણ સુકાઈ જાય છે. કરૂણા નામનો ગુણ હૃદયમાં ધબકતો હોય તો ઉદારતા, સરળતા, પાપજુગુપ્સા વગેરે ગુણો ખીલી ઉઠે છે. પરંતુ કરૂણા ગુણ ખતમ થાય છે. હૃદયમાં કઠોરતા આવે ત્યારે તમામ ગુણો પણ નષ્ટ થતાં હોય છે. બચપણથી જ બાળકોમાં કરૂણા ગુણની ખીલવટ થાય તેવા માતાપિતાએ પ્રયત્ન કરવા જોઈએ. જન્મ દિવસે કેક કાપવી, મીણબત્તી બુઝાવી, કેડબરી વહેંચવી, ડાન્સ પાર્ટી રાખવી વગેરે પશ્ચિમી સંસ્કૃતિના સંસ્કાર છે. તેના બદલે અનાથાશ્રમ, વૃદ્ધાશ્રમ અથવા સલ્મ એરીયામાં જઈને મીઠાઈ, ફ્રૂટ, કપડાનું વિતરણ કરવું જોઈએ. ગરીબોની દુવા મોટું મંગલ છે. આપણી સંસ્કૃતિમાં પણ બીજાનો વિચાર કરવાનું કહ્યું છે. માટે જ પ્રથમ રોટલો કૂતરાને અપાતો, ગાયને ઘાસ, પક્ષીઓને દાણા નીરવામાં આવતાં હતાં.

તા. ૨૪/૨૫/૨૬/૨૭ જૂન હાઈડ પાર્ક સોસાયટીમાં પૂજયશ્રી પધારશે.

# એચડીબી ફાઈનાન્શિયલ સર્વિસીસ લિમિટેડનો આઈપીઓ ૨૫ જૂને ખૂલશે, પ્રાઈઝ બેન્ડ રૂા. ૭૦૦થી રૂા. ૭૪૦

**અમદાવાદ, ૨૩ જૂન, ૨૦૨૫:** એચડીબી ફાઈનાન્શિયલ સર્વિસીઝ લિમિટેડ બુધવાર, ૨૫ જૂનના રોજ તેના ઈક્વિટી શેર્સના આઈપીઓ સંદર્ભે તેની બિડ/ઓફર ખુલ્લી કરશે. ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂા. ૭૦૦થી રૂા. ૭૪૦ નક્કી કરવામાં આવી છે. પ્રત્યેક રૂા. ૧૦ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર્સની રૂા. ૧,૨૫,૦૦૦ મિલિયન (રૂા. ૧૨,૫૦૦ કરોડ) સુધીના મૂલ્યની કુલ ઓફર સાઈઝમાં રૂા. ૨૫,૦૦૦ મિલિયન (રૂા. ૨,૫૦૦ કરોડ) સુધીના મૂલ્યના ઈક્વિટી શેર્સના ફ્રેશ ઈશ્યૂ અને રૂા. ૧,૦૦,૦૦૦ મિલિયન (રૂા. ૧૦,૦૦૦ કરોડ) સુધીના મલૂયના ઈક્વિટી શેર્સના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે. એન્કર ઈન્વેસ્ટર બિડિંગ તારીખ મંગળવાર, ૨૪ જૂન, ૨૦૨૫ રહેશે. બિડ/ઓફર શુક્રવાર, ૨૭ જૂન, ૨૦૨૫ના રોજ બંધ થશે. બિડ્સ લઘુતમ ૨૦ ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ ૨૦ ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાય છે.

કંપની એન્ટરપ્રાઈઝ લેન્ડિંગ, એસેટ ફાઈનાન્સ અને કન્ઝ્યુમર ફાઈન્સ જેવા કંપનીના બિઝનેસ વર્ટિકલ્સ પૈકીના કોઈપણની હેઠળ ઓનવર્ડ લેન્ડિંગ સહિત કંપનીની ભવિષ્યની મૂડી જરૂરિયાતોને પહોંચી વળવા માટે કંપનીની ટિયર-૧ કેપિટલ બેઝને વધારવા માટે ફ્રેશ ઈશ્યૂમાંથી મળેલી કુલ રકમનો ઉપયોગ કરવાની યોજના ધરાવે છે. આ ઉપરાંત, ફ્રેશ ઈશ્યૂમાંથી મળતી રકમના એક હિસ્સાનો ઓફરના ખર્ચને પહોંચી વળવા માટે ઉપયોગ કરવામાં આવશે.

જેએમ ફાઈનાન્શિયલ લિ., બીએનપી પારિબા, બેંક ઓફ અમેરિકા સિક્યોરિટીઝ ઈન્ડિયા લિ., ગોલ્ડમેન સાક્સ (ઈન્ડિયા) સિક્યોરિટીઝ પ્રાઈવેટ લિ., એચએસબીસી સિક્યોરિટીઝ એન્ડ કેપિટલ માર્કેટ્સ (ઈન્ડિયા) પ્રા. લિ., આઈઆઈએફએલ કેપિટલ સર્વિસીઝ લિ. (અગાઉ આઈઆઈએફએલ સિક્યોરિટીઝ લિ. તરીકે ઓળખાતી), જેફ્રીઝ ઈન્ડિયા પ્રા. લિ., મોર્ગન સ્ટેનલી ઈન્ડિયા કંપની પ્રા. લિ., મોતીલાલ ઓસ્વાલ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર્સ લિ., નોમુરા ફાઈનાન્શિયલ એડવાઈઝરી એન્ડ સિક્યોરિટીઝ (ઈન્ડિયા) પ્રા. લિ., નુવામા વેલ્થ મેનેજમેન્ટ લિ., યુબીએસ સિક્યોરિટીઝ ઈન્ડિયા પ્રા. લિ. આ ઓફરના બુક રનિંગ લીડ મેનેજર્સ છે.

# અદાણીએ ભારતનો સર્વ પ્રથમ ૫ મેગાવોટની ક્ષમતાનો ઓફ-ગ્રીડ ગ્રીન હાઈડ્રોજન પાયલોટ પ્લાન્ટ કાર્યાન્વિત કર્યો

**અમદાવાદ, ૨૩ જૂન ૨૦૨૫ :** અદાણી ન્યૂ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (એએનઆઈએલ)એ દેશના સ્વચ્છ ઉર્જા સંક્રમણમાં એક મુખ્ય સીમાચિહ્નરૂપ ગુજરાતના કચ્છમાં ૫ મેગાવોટની ક્ષમતા ધરાવતો ભારતનો સર્વ પ્રથમ ઓફ-ગ્રીડ ગ્રીન હાઈડ્રોજન પાયલોટ પ્લાન્ટ સફળતાપૂર્વક કાર્યાન્વિત કર્યાની જાહેરાત કરી છે.

સંપૂર્ણપણે ઓફ-ગ્રીડનું સંચાલન કરવા માટે કંપનીને સક્ષમ કરવા સાથે વિકેન્દ્રિત, નવીનીકરણીય સંચાલિત હાઈડ્રોજન ઉત્પાદનમાં એક નવું દ્રષ્ટાંત પ્રસ્થાપિત કરતો આ અત્યાધુનિક પ્લાન્ટ સૌર ઉર્જા દ્વારા ૧૦૦% હરીત વીજ-સંચાલિત અને બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ (બીઈએસએસ) સાથે સંકલિત છે.આ પ્રગતિ ઉભરતા ગ્રીન હાઈડ્રોજનના અર્થતંત્રમાં નવીનતા, ટકાઉપણું અને નેતૃત્વ પ્રત્યેની અદાણી સમૂહની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવવા ઉપરાંત ભારતની ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન માટે વૈશ્વિક કેન્દ્ર બનવાની મહત્વાકાંક્ષાને તે બળ આપે છે અને હાર્ડ-ટુ-એબેટ ક્ષેત્રોમાં નવીનીકરણીય વીજ સંચાલિત ઔદ્યોગિક કાર્યક્રમો માટે બેંચમાર્ક પ્રસ્થાપિત કરે છે.